
## વડીલોને વંદન

## અભિનંદન



કપિલદેવ ઈન્દ્રશંકર રાવલ
(૧૯૫૨)મો : ૯૮૨૪૩૧૧૭૦૩

### આજે કલરવ મસ્તીકી પાઠશાળા કાર્યક્રમ યોજાશે

વાવોલની દ્વારકેશ રેસીડન્સી સોસાયટી ખાતે બાળ દિવસની ઉજવણી નિમિત્તે કલરવ મસ્તીકી પાઠશાળા કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૧૬ નવેમ્બર રવિવારે બપોરે ૪.૩૦ વાગે કાર્યક્રમ યોજવામાં આવશે. કાર્યક્રમમાં બાળકો દ્વારા તૈયાર કરાયેલી કલાકૃતિઓ, પ્રોજેકટોનું પ્રદર્શન, નાટય પ્રયોગો અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

### દલિત સેનાનું સ્નેહમિલન યોજાયું

ગુજરાત પ્રદેશ દલિતસેનાનો અમદાવાદ ખાતે સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. સ્નેહમિલન સમારોહમાં જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ જ્ઞાતિજનોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી સંગઠનને મજબુત કરવા હાકલ કરી હતી. સમારોહમાં ઉપસ્થિત ગુજરાત પ્રદેશ પ્રમુખ ડી.વી. પરમારે દરેક જિલ્લામથકોએ સ્નેહમિલન યોજી સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરવા જણાવ્યું હતું. રાજયભરના દલિત સેનાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### પાટણવાડા રોહિત યુવા સંઘનું સ્નેહમિલન

પાટણવાડા રોહિત યુવા વિકાસ સંઘનો નવા વર્ષનો સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. આગામી ૨૩ નવેમ્બરના રોજ કાર્યક્રમ યોજાશે. ધોરણ - ૫ થી ૧૨, સ્નાતક કક્ષાએ ૬૦ ટકા ગુણ મેળવેલા, અનુસ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ પ્રાપ્ત કરેલ અને વર્ગ-૧ અને ૨ માં બઢતી મેળવેલ સમાજ રત્નોનું સન્માન કરવામાં આવશે. તેજસ્વી વિદ્યાર્થીઓએ માર્કશીટ નકલ સેક્ટર-૩-એ પ્લોટ નં. ૧૦૧/૧, સેક્ટર-૪-એ, પ્લોટ નં. ૧૯૧/૧ ખાતે તા. ૧૮ નવેમ્બર સુધી મોકલી આપવા પ્રમુખે જણાવ્યું છે.










# ડીપીએસ સ્કુલમાં ચાચા નહેરુને અંજલિ આપવામાં આવી

પંડિત નહેરુજીના જન્મદિવસ નિમિત્તે ડીપીએસ ગાંધીનગર ખાતે ૧૦ થી ૧૪ નવેમ્બર દરમિયાન ચિલ્ડ્રન્સ વીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન નેઈલ આર્ટ કોમ્પિટીશન, પેપર બેગ મેકિંગ કોમ્પિટીશન, ટેટુ મેકીંગ કોમ્પિટીશન, સલાડ મેકિંગ કોમ્પિટીશન અને મહેંદી મેકિંગ કોમ્પિટીશન યોજવામાં આવી હતી તેમજ ૧૪મી નવેમ્બર સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓએ સમગ્ર સ્કુલ સંકુલમાં શ્રમદાન કરી પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુને અંજલિ અર્પી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



પાલનપુરમાં આજે વર્લ્ડ ડાયાબીટીસ ડે નિમિત્તે ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે 'બ્લડ સુગર ટેસ્ટ'નો કેમ્પ યોજાયો હતો. જેમાં ૭૦ થી વધુ પોલીસ , નાગરિકો અને વૃદ્ધાશ્રમના વડીલોના બ્લડપ્રેસર અને સુગર ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## હેપીનેસ પ્રોગ્રામ યોજાશે

પરમ પૂજય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા ઉંમર ૧૮ થી વધારે વર્ષ માટે હેપીનેસ પ્રોગ્રામ (બેઝિક કોર્ષ)નું આયોજન સુરેશભાઈ પરમાર દ્વારા તારીખ ૧૮-૧૧-૨૦૧૪ થી ૨૩-૧૧-૨૦૧૪ સુધી સમય સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૪૫ થી ૯.૩૦ દરમિયાન બીજો માળ, મેઘ મલ્હાર કોમ્પલેક્ષ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. આ શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી તનાવમુકિત, આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણ શકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિકવકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે આ શિબિરમાં રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

### ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય પ્રેસ ડે ઉજવાશે

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૪ ના રોજ રાષ્ટ્રીય પ્રેસ ડે ની ઉજવણી કરવામાં આવનાર છે. આ નિમિત્તે ગાંધીનગર જિલ્લાના મીડિયા પ્રતિનિધિશ્રીઓ માટે સાર્વજનિક બાબતોમાં પારદર્શકતા : અખબારોની ભૂમિકા વિષય પર પરિસંવાદનું આયોજન તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા પંચાયત મીટિંગ હોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

### ગાંધીનગરથી અંબાસણ પદયાત્રા સંઘનું આયોજન

સતત ૩૦મા વર્ષે ગાંધીનગરથી શ્રી અન્નપૂર્ણા માતાજી પદયાત્રા સંઘ નગરમાંથી પ્રસ્થાન કરશે. શ્રી અન્નપૂર્ણા માતાજીના વ્રત દરમિયાન ગાંધીનગરથી અંબાસણ ગામે બિરાજેલા અન્નપૂર્ણા માતાજીના મંદિરે પદયાત્રા સંઘ પહોંચશે. આગામી તા. ૪ ડિસેમ્બર ગુરૂવારે સવારે ૭ કલાકે સેક્ટર-૨૩ સ્થિત, આંગન ફ્લેટ પ્લોટ નં. ૫૬૦ ખાતેથી પ્રસ્થાન કરશે. મા અન્નપૂર્ણા માતાજીના દર્શન કરી ધન્યતા મેળવવા ઈચ્છુક પદયાત્રિઓએ તા. ૨૨ નવેમ્બર પહેલા દિપક જાની - ૯૮૯૮૦૩૦૬૫૨, દિનેશભાઈ ત્રિવેદી - ૯૮૭૯૧૮૧૧૨૯, કાશીભાઈ જાની-૯૯૨૫૭૮૯૫૮૭ અને જીજ્ઞેશ જાની-૯૪૨૮૫૯૫૭૭૬ પર નામ નોંધાવવા જણાવ્યું છે.

### આજે ગાંધીનગરમાં બાલચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૫

રાજય મધ્યસ્થ ગ્રંથાલય અને સરકારી જિલ્લા પુસ્તકાલય, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તા. ૧૬ નવેમ્બર ૨૦૧૪ના રોજ સવારે ૯-૦૦ કલાકે ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે તત્કાલ બાલચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૬ થી ૧૦ વર્ષની ઉંમરના બાળકો અ વિભાગમાં તેમજ ૧૦ થી ૧૬ વર્ષના બાળકો બ વિભાગમાં ભાગ લઈ શકશે. દરેક વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ ઉપરાંત પાંચ પાંચ ઈશ્વાસન ઈનામો આપવામાં આવશે. સ્પર્ધા માટેના પ્રવેશપત્રો સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧, જીમખાના પાસે, ગાંધીનગર ખાતે આપવામાં આવશે તેમજ સ્વીકારવામાં આવશે.

### બાળ દિવસે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

૧૪મી નવેમ્બર બાળ દિવસે વનશ્રી ટ્રસ્ટ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. સ્પર્ધા રામપુરા પ્રાથમિક શાળાના પટાંગણમાં યોજવામાં આવી હતી. શાળાના ૩૦ થી વધુ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ત્રણ વિજેતા બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા તેમજ અમદાવાદ ખાતે ગરીબ બાળકોને કપડા, ચોકલેટ, બિસ્કીટનું વિતરણ કર્યું હતું. કાર્યક્રમમાં અંજના નિમાવત, ભાવનાબેન પટેલ, નૂપુર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર ખાતે મ્યુનિસિપાલિકા-૨૦૧૪નું સમાપન

### હાઉસિંગ ફોર ઓલ અભિયાન માટે ૨ લાખ હેક્ટર જમીનની જરૂરિયાત સામે ૪૪ લાખ હેક્ટર જમીન ઉપલબ્ધ, પરંતુ દબાણ મોટો અવરોધ

ગાંધીનગર, તા. ૧૫

આજે ગાંધીનગર ખાતે સમાપ્ત થયેલી ૧૨મી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ તથા પ્રદર્શન 'મ્યુનિસિપાલિકા ૨૦૧૪' ના ત્રણ દિવસ દરમિયાન થયેલી ચર્ચામાં નિષ્ણાતોએ ઈચ્છિત રીતે શહેરી વિકાસ કરી શકાય તે માટે મુલ્યવાન સુચનો રજુ કર્યા હતા. આ ચર્ચા સત્ર દરમિયાન હાઉસિંગ ફોર ઓલ મિશન તથા સ્માર્ટ સિટીના નિર્માણ માટે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

સામાન્ય રીતે એમ માનવામાં આવી રહ્યું છે કે જે સિટીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા નાગરિક સુવિધાઓ ઉત્તમ હોય તેને સ્માર્ટ સિટી કહી શકાય, પરંતુ હકીકત એ છે કે સ્માર્ટ સિટી આનાથી પણ કંઈક વધારે કહી શકાય એવી નાગરિકોને ઉપયોગી થવાના ગુણ ધરાવે છે. ઉદાહરમ તરીકે લઈએ તો કોઈ નાગરિક પોતાના બાળક માટે શાળામાં એડમિશન લેવા માગતો હોય તો તેને બાળકના જન્મનું પ્રમાણપત્ર રજુ કરવું પડે છે. જો કે સ્માર્ટ સિટીમાં જે તે શાળાનું વહીવટી તંત્ર સ્થાનિક વહીવટી તંત્રના જન્મ નોંધણી વિભાગના રેકોર્ડ સુધી પહોંચ ધરાવતું હોય છે, તેથી વાલીને આ પ્રમાણપત્ર રજુ કરવાની જરરૂરિયાત રહેતી નથી. આવી જ રીતે કોઈ પણ નાગરિકને સરકારી તથા ખાનગી સંસ્થાઓ સાથેના વહેવારમાં સત્તાવાર માહિતી પુરી પાડવાની જરૂર રહેતી નથી. આવો દાખલો આપતા આંધ્રપ્રદેશ સરકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી તથા કોમ્યુનિકેશન વિભાગના સચિવ આઈએએસ શ્રી સંજય જાજુએ જણાવ્યું હતું કે આ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવી હોય અને સાથે સાથે ટ્રાફિક નિયમન, સ્માર્ટ પાર્કિંગ, કચરાના નિકાલની માહિતી તરત જ મળે એવી વ્યવસ્થા વગેરે જેવી પ્રણાલિઓ પણ ગોઠવવી હોય તો સંબંધિત શહેરમાં ૩જી કે ૪જી નેટવર્ક આધારિત વાયરલેસ પ્લેટફોર્મ ઉપલબ્ધ હોય એ અનિવાર્ય બની જાય છે. વધુમાં સ્માર્ટ વહીવટીતંત્ર તથા ખાનગીક્ષેત્રની ભાગીદારી વગર સ્માર્ટ સિટીની કલ્પના શકય નથી.

ચર્ચામાં ભાગ લેતા ભારત સરકારના ટાઉન તથા કંટ્રિ પ્લાનિંગ ઓર્ગેનાઈઝેશનના એસોસિયેટ ટાઉન પ્લાનર શ્રી પવનકુમારે જણાવ્યું હતું કે સ્માર્ટ સિટી બનવા માટે કોઈ પણ શહેર આર્થિક વિકાસની દૃષ્ટિએ મજબૂત હોય એ જરૂરી છે અને સાથે આ વિકાસના ફળ સમાજના તમામ વર્ગને મલતા હોય એ પણ જરૂરી બની જાય છે. વધુ મહત્વની વાત એ છે કે શહેરના નાગરિકો પણ જે વેરા લાદવામાં આવે તે પ્રામાણિક રીતે ભરવા માટે તૈયાર હોવા જોઈએ.

હાઉસિંગ ફોર ઓલ મિશન અંગે પ્રતિક્રિયા વ્યક્ત કરતાં ક્રિસિલ લિમિટેડના પ્રિન્સિપાલ કન્સલ્ટન્ટ શ્રીમતી વિનિતા હરિહરને જણાવ્યું હતું કે એક અગ્રણી કન્સલ્ટન્સિ કંપનીના અંદાજ મુજબ હાઉસિંગ ફોર ઓલ મિશન માટે જમીનની





## શબ્દાવલી - ૫૫૬૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ■ | ૬ | ૭ |
| ૮ | | | | | | ■ | |
| | ■ | ૯ | | | ■ | ૧૦ | |
| | ■ | | ■ | | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | ■ | ૧૩ | ■ | ૧૪ | | |
| ૧૫ | | | | | ■ | ૧૬ | |
| ■ | | ■ | | ■ | ૧૭ | | ■ |
| ૧૮ | | | | ■ | ૧૯ | | |

### આડી ચાવી

૧. કુહાડનો ઘા, આઘાત (૫)
૬. પાણીમાં થતાં બારીક જીવ (૨)
૮. વાડી રે વાડી શું કહો છો..., રીંગણા લઉં બે ચાર... (બાળવાર્તા) (૬)
૯. 'રાયણ' શબ્દ આડો અવળો (૩)
૧૦. આજ્ઞા, મનાઇ (૨)
૧૧. ઇદના તહેવારમાં મોટા લોકો બાળકોને ભેટ કે પૈસા આપે તેને... કહેવાય (૨)
૧૪. દારૂ, શરાબ (૩)
૧૫. દરિયો ખેડનાર (૫)
૧૬. ભેંસનું નર બચ્ચું (૨)
૧૭. દરજી, સોઇ (૨)
૧૮. પતરાવળ, ભાણુ (૪)
૧૯. દહીમાંથી પાણી કાઢી શિખંડ માટે બનાવેલ માવો (૩)

### ઊભી ચાવી

૧. નૈસર્ગિક, સ્વાભાવિક (૪)
૨. ખાલી, ભરેલા ના હોય તેવા (૨)
૩. રાત્રે સુગંધ ફેલાવતાં ફુલોની વેલ (૪)
૪. ઊંઘ લાવે તેવું ઔષધ (૩)
૫. ગણિકા, નાચગાન કરનાર સ્ત્રી (૪)
૭. લગ્નપ્રસંગે ખાસ વપરાતો દીવો (૬)
૧૦. સતોલીયા જેવી એક રમત (૬)
૧૨. ખરાબકામમાં સાથ આપનાર, સાથીદાર (૪)
૧૩. ચોકીદાર, ચોકી (૪)
૧૭. સોગન (૨)

### શબ્દાવલી ૫૫૬૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) આસોપાલવ (૫) વાઢી (૭) કાનુન (૮) ઢમઢોલ (૧૧) ગંગાસ્વરૂપ (૧૪) પાડ (૧૫) રૂડીરૂપાળી (૧૭) ખેપ (૧૮) ખયાલ (૨૦) પારાવાર (૨૧) પતન (૨૨) આવરણ

**ઊભી ચાવી :-** (૧) આકાશગંગા (૨) સોનુ (૩) પાન (૪) વઢ (૫) વાઢો (૬) ઢીલ (૬) ડીલ (૯) મઢ (૧૦) ગારૂડી (૧૨) સ્વરૂપવાન (૧૩) પરૂ (૧૪) પાળીયા (૧૬) પાખ (૧૭) ખેરાત (૧૯) લસણ (૨૦) પાપ

## એકિસસ બેન્કની ૨૫૦૦મી બ્રાન્ચનો અમદાવાદમાં પ્રારંભ

અમદાવાદ, તા.૧૫

ભારતમાં ખાનગીક્ષેત્રની ત્રીજા નંબરની સૌથી મોટી એવી એકિસસ બેન્કની ૨૫૦૦મી શાખાનો આજે અમદાવાદમાં આરંભ થયો હતો. અમદાવાદના નારણપુરા વિસ્તારમાં એઈસી ઝોનલ ઓફિસ પાસેના બિનાની કોમ્પ્લેક્ષમાં એકિસસ બેન્કની ૨૫૦૦મી શાખાનું બેન્કનાં ગ્રુપ એકિઝકયુટીવ અને હેડ રિટેલ બેંકીંગ શ્રી રાજીવ આનંદે ઉદઘાટન કર્યું હતું.

આ પ્રસંગે એકિસસ બેન્કના ગ્રુપ એકિઝકયુટીવ રિટેલ બેકીંગ શ્રી રાજીવ આનંદે જણાવ્યું હતું કે 'એકિસસ બેન્ક તેના ગ્રાહકોની જરૂરિયાતોને સમજે છે અને અમારી બ્રાન્ચો અને એટીએમના નેટવર્ક દ્વારા અમે ૧૪ મિલિયનથી પણ વધુ ગ્રાહકોને સફળતાપૂર્વક સેવાઓ પૂરી પાડી રહ્યા છીએ. અમદાવાદમાં અમારી ૨૫૦૦મી શાખા ખોલતાં અમને ઘણો જ આનંદ થાય છે. આ સિમાચિહ્ન રૂપ ઘટના અમારા ગ્રાહક કેન્દ્રી અભિગમને સુદૃઢ બનાવે છે અને અમારા ગ્રાહકોની નિકટ જઈને સુગમતા સાથેની ઉચ્ચતમ બેંકીંગ સેવાઓ પુરી પાડવી અમારી પ્રતિબદ્ધતા વ્યકત કરે છે.'

એકિસસ બેન્ક યુકે, સિંગાપોર, હોંગકોંગ, શાંઘાઈ, કોલંબો, દુબઈ અને અબુધાબીમાં પણ પોતાની ઓફિસો ધરાવે છે. એકિસસ બેન્કની ગુજરાતમાં ૨૩૬ બ્રાન્ચો અને ૯૭૬ એટીએમ છે. આ બ્રાન્ચો તમામ બેન્કીંગ ટ્રાન્ઝેકશન્સ અને ગ્રાહકોની વિશેષ જરુરીયાતોને સંતોષે છે. તેમાં રિટેલ, ઈન્સ્ટિટયુશનલ અને કન્ઝયુમર બેંકીંગ વગેરેનો પણ સમાવેશ થાય છે. બેંક તેના ગ્રાહકોને તેમની જરુરિયાતો પ્રમાણે વિશેષ પ્રોડકટો પણ ઓફર કરે છે અને દેશમાં વિવિધ પ્રોજકટો અને સેવાઓ પૂરી પાડવામાં એકિસસ બેંક પ્રણેતા રહી છે.

### હાલત કફોડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગત વર્ષે આ સમયે કડાકાની ઠંડી પડવા લાગી હતી અને વ્યાપારમાં પણ તેજી હતી, પરંતુ ચાલુ વર્ષે હજુ ગરમી પડી રહી છે. શિયાળો બેસતા જ અમોએ અમારૂ સ્થાન મેળવી લીધું છે પરંતુ ખરીદી માટે ગ્રાહક આવતા નથી. સમય મુજબ શિયાળો ચાલુ થઈ ગયો હોવાનુ દિવસ અને રાત્રીના લાંબા અને ટુંકાગાળા ઉપરથી લાગે છે પરંતુ કડકડતી ઠંડી હજુ શરૂ થઈ નથી. જેથી શિયાળામાં વેચાણ થતી તમામ ચિજવસ્તુઓમાં ભારે મંદીની પકડ મજબૂત બની છે છતાં વેપારીઓ મોડી મોડી પણ ઠંડીની શક્યતાઓ જોઈ રહ્યા છે.

### ગુજરાતની પહેલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગવી પદ્ધતિ વિકસાવી ડીઝીટલ ક્રાંતિના પગરણ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાી મોદીના નેતૃત્વમાં પાડ્યા છે.

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલે રાજ્ય શાસનનું નેતૃત્વ સંભાળતાં ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક સિદ્ધિને અનુરૂપ સામાન્ય માનવીના ઘર સુધી જનકલ્યાણ સેવા-સુવિધા સરળતાથી ઉપલબ્ધ કરાવવા ઈન્ફોર્મેશન ટેકનોલોજીના વિનિયોગ માટે તંત્રને પ્રેરિત કર્યુ છે.

ભારતના વિકાસમાં ગુજરાતના વિકાસની નેમ સાથે 'ડીઝીટલ ઈન્ડિયા'ના માનનીય વડાપ્રધાનશ્રીના અભિગમને અનુરૂપ સુચારૂ આયોજન માટે સાયન્સ ટેકનોલોજી મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શનમાં સબંધિત વિભાગો, આઈ.ટી. ક્ષેત્રના ખ્યાતિ પ્રાપ્ત તજજ્ઞો, સંસ્થાઓના પરામર્શમાં રહીને આ ઈ-ગવર્નન્સ પોલિસી ઘડવામાં આવી છે.

## દહેગામના પાટનાકુવા ગામે મફત આઈ ચેક અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

દહેગામના પાટનાકુવા ગામે મફત આંખ અને ડાયાબિટીશ ચેક-અપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. ગામમાં આવેલ પૌરાણિક અને સ્વયંભુ તુળજા ભવાની મંદિરે બપોરે ૧ થી ૪ દરમિયાન તેજ આઈ સેન્ટર દ્વારા ફ્રી આઈ ચેક અપ અને ડાયાબિટીશ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મોટી સંખ્યામાં ગામના અને આજુબાજુના ગામના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં બ્લડ સુગર અને આંખોની તપાસ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તેજ આઈ સેન્ટરના ડૉ. તેજલ દલાલ, ડૉ. રાહુલ શર્મા, અર્ચના શાહ, સેજલ બારિયા, અર્ચના ત્રિવેદી તેમજ તુળજા ભવાની મંદિરના કિર્તન ચૌધરી, કનુભાઈ પટેલ, જયંતિ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત જાહેર સેવા આયોગનો અહેવાલ રાજ્યપાલશ્રીને સુપ્રત કરાયો

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત જાહેર સેવા આયોગનો ૫૪મો વાર્ષિક અહેવાલ તેના અધ્યક્ષ શ્રી એચ.એસ. જોશીએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીને સુપ્રત કર્યો હતો. આ પ્રસંગે આયોગના સભ્યો સર્વ શ્રી એચ.એમ. પટેલ, ચિત્તરંજન સિંઘ, ડૉ. એન. આર. શેઠ, ડૉ. સુરેશ પટણી અને આયોગના સચિવ શ્રી ડી.પી. જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

### સત્તા સોંપવા હિલચાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે પૂર્તતાઓ કરવાની હોય તે સમયસર થઈ શકે. ૨૮મી એ મળનારી સામાન્ય સભામાં આ મુદ્દે ભાજપ કોંગ્રેસ આમને-સામને આવી અને શાબ્દીક યુદ્ધ ખેલે તેવી શકયતાઓ છે.જો કે ગ્રામીણ વિસ્તારમાં વિકાસને વેગીલો બનાવવો જરુરી હોવાથી આ સત્તા પ્રમુખને સોંપવી જોઈએ તેમ ભાજપના આગેવાનો માની રહ્યા છે.

ટચૂકડી જાહેર ખબર
MNC Expanding in Gujarat
Dynamic people invited for Business Opportunity
Call : 99983 43381

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.
Garvi HANDLOOM
gurjari Handicraft
હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ, પ્રથમ માળે, મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૪૧૭૧૨, ૨૩૨૪૭૦૩૩,
ફેક્સ નં. ૦૭૯-૨૩૨૪૭૦૫૯/૩૦૭૩૮
Website : www.gurjari.co.in / www.gujarathandicraft.com
Email : contact@gurjari.co.in CIN No. U22219GJ1973SGC0002360
જાહેર નિવિદા
ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.ને ગાંધીનગર સરખેજ હાઈવે પર સરગાસણ ચોકડીથી ઈન્ફોસીટી વિસ્તારમાં અથવા ગાંધીનગર ઈન્ફોસીટી સર્કલથી કોબા સર્કલ સુધી અંદાજે ૧૫૦૦ સ્કે. ફૂટની જગ્યા ભાડેથી ઓફીસ માટે જોઈએ છે. રસ ધરાવનાર પાર્ટીઓએ પોતાનો ભાવો બંધ કવરમાં ઉપરના સરનામે તા. ૨૨/૧૧/૨૦૧૪ સુધી મોકલી આપવા જણાવવામાં આવે છે.
માહિતી/૧૬૬૫/૨૦૧૪-૧૫ મેનેજીંગ ડીરેક્ટર

## અમદાવાદમાં ધોધમાર વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારોમાં વાદળોના ગડગડાટ સાથે ભારે વરસાદના કારણે થોડીવાર ટ્રાફીકજામની સ્થિતિ ઉભી થઈ ગઈ હતી. એકાએક પડેલા ભારે વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ઘણા વિસ્તારમાં અંધાધૂંધી સર્જાઈ હતી. વરસાદના કારણે એકાએક તાપમાનમાં ઘટાડો નોધાયો હતો. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૩.૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૪ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે અમદાવાદ માટેની આગાહીમાં જણાવ્યું છે કે, શહેરના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આવતીકાલે લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રીની આસપાસ રહે તેવી શક્યતા છે. આનો મતલબ એ થયો કે, તાપમાનમાં ઘટાડો થશે અને શહેરી લોકો વધુ ઠંડીનો અનુભવ કરશે. આજે વરસાદ પર બ્રેક મુકાયા બાદ પણ મોડી રાત્રે ઠંડક પ્રસરી ગઈ હતી. બીજી બાજુ મોડી સાંજે વરસાદના કારણે યુવા પેઢીએ વરસાદની મજા માણી હતી. એકાએક ગરમ ચીજવસ્તુઓની બોલબાલા વધી ગઈ હતી. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી ન હતી પરંતુ વરસાદી ઝાપટાનો દોર જારી રહે તેવી શક્યતા છે. શહેરના એલિસબ્રિજ, યુનિવર્સિટી, શાહીબાગ, ગુજરાત કોલેજ જવાના રસ્તા, અન્ય તમામ વિસ્તારોમાં ટ્રાફિક જામની સ્થિતિ મોડી સાંજે જોવા મળી હતી. વાહનો સ્લીપ થવાના કેટલાક બનાવો પણ બન્યા હતા.

### ગુજરાત સાહિત્ય અકાદમી

અભિલેખાગાર ભવન, સેક્ટર-૧૪, ગાંધીનગર

**જાહેરાત**

ગુજરાત સાહિત્ય અકાદમી અને તેની સાથેની સંસ્કૃત, હિન્દી, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ / શહેરોમાં અને ગુજરાત બહારના રાજ્યોમાં પણ પુસ્તકો, હસ્તપ્રતો, ટપાલો અને અન્ય ચીજ વસ્તુઓ કુરીયર દ્વારા મોકલવામાં આવે છે. આ માટે ગાંધીનગર શહેરના આ બાબતે રસ ધરાવતી સંસ્થાએ આ અંગેના ભાવ નીચે જણાવેલ નિયત નમૂનામાં પોતાના લેટરપેડ ઉપર લખીને ગુજરાત સાહિત્ય અકાદમીને તા. ૩૦/૧૧/૨૦૧૪ સુધીમાં બંધ કવરમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

| અંતર/ વજન | ૧૦૦ ગ્રામ સુધી | ૨૫૦ ગ્રામ સુધી | ૨૫૦થી ૫૦૦ સુધી | ૫૦૦થી ૧ કિગ્રા સુધી | પાર્સલ (કિ.ગ્રા પ્રમાણે) |
|---|---|---|---|---|---|
| લોકલ | | | | | |
| ગુજરાત | | | | | |
| મુંબઈ | | | | | |
| ભારતના અન્ય શહેરો | | | | | |

સહી/-
(ચેતન શુક્લ)
મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર